ક્રમાંક:જમન/ટે.૨૯-સી/બ/૫૩૧૮-૧૯ /૨૦૧૬-૧૭,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

અરણ્ય ભવન, ચ-૩ સર્કલ નજીક,
સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩જો માળ,
ગાંધીનગર, તા.:૦૭/૧૦/૨૦૧૬.

વિષય:- Diversion of 0.1080 ha of Reserved Forest land for permission of boring near Sea-Shore and setting up PVC Pipeline for sea water intake for shrimp/Prawn Hatechery Village Kuchhadi R.F.S. No.- 1119/1a area Dist.Porbandar, State of Gujarat.

સંદર્ભ:- આપના પત્ર ક્રમાંક :
વસંધા/૮૪૧/ટે.૧૪/અ/૧૬૫૩-૫૪/૨૦૧૬-૧૭, તા.૨૮-૦૯-૨૦૧૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રો અનુંસધાને જણાવવાનું કે, પ્રસ્તુત વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની વન જમીનના ડાયવર્ઝનની ૦.૧૦૮૦ હેક.ની દરખાસ્તની અત્રેથી ચકાસણી કરતા નીચે મુજબની અધુરાશ જણાય છે. તો સદરહુ દરખાસ્તમાં નીચે મુજબના મુદ્દાઓની પૂર્તતા પૂર્ણ કરી અત્રે ૪ પ્રતમાં અહેવાલ સાદર કરવો.

1. એનેક્ષર-૮ મુજબ પ્રોજેકટમાં સમાવિષ્ટ અને નોન ફોરેસ્ટ વિસ્તારની વિગતો આપવાની થાય છે. જ્યારે તેમાં નં-૪ ફોરેસ્ટના વિસ્તારની એનેક્ષર-૭ મુજબનું પત્રક રજુ કરેલ છે તો તો તે નોન-ફોરેસ્ટ લેન્ડમાં આવતું હોય તો તેની વિગત દર્શાવવી.
2. એનેક્ષર-૧૩ માટે વળતર વનીકરણ દ્વારા વનો અને વન્યપ્રાણી રક્ષણ/સંરક્ષણ અને વિકાસ માટે રાજય/કેન્દ્ર સરકાર દ્વારા વધારાની શરતો સ્વીકારવા અંગેનો યુઝર એજન્સીનો બાંહેધરી પત્ર સાદર કરેલ નથી, જે તૈયાર કરી રજુ કરવો.
3. એનેક્ષર-૧૪ મુજબ પર્યાવરણ સંરક્ષણ ધારા-૧૯૮૬ અંતર્ગત યુઝર એજન્સી દ્વારા પર્યાવરણ મંજુરી તથા CRZ મંજુરી માટે કરેલ અરજીની નકલ અને તેનું હાલનું સ્ટેટસ જણાવવાનું હોય છે, તેની જગ્યાએ અન્ય દસ્તાવેજ સાદર કરેલ છે, તો તેમાં જરૂરી ફેરફાર કરવા.
4. એનેક્ષર-૧૮ મુજબ વળતર વનીકરણ માટે પસંદ કરવામાં આવેલ જંગલ જમીન વિસ્તારના સર્વે નંબર/કમ્પાર્ટમેન્ટ નંબર/ગામ/તાલુકો અને જિલ્લાની વિગત દર્શાવતો GPS રીડીંગ સાથે નકશો સામેલ થઇ આવેલ નથી. તેથી તે રજુ કરવો.
5. એનેક્ષર-૨૯ માં ઇન્ડેક્ષ મેપ અપલોડ કરેલ છે, જેમાં મોટા સ્કેલ વાળો નકશો સામેલ કરવો.

6. એનેક્ષર-30 મુજબ માંગણીવાળો વન વિસ્તાર તથા વનીકરણ માટે પસંદ કરેલ જંગલ વિસ્તાર એક જ નકશામાં દર્શાવતો મેપ રજુ કરવો. રજુ કરેલ મેપમાં માંગણીવાળો વિસ્તાર દર્શાવેલ નથી, માત્ર વળતર વનીકરણ માટેની જંગલ જમીન વિસ્તાર દર્શાવેલ છે. આથી માંગણીવાળો વન વિસ્તાર તથા વનીકરણ માટે પસંદ કરેલ જંગલ વિસ્તાર એક જ નકશામાં દર્શાવતો મેપ રજુ કરવો.
7. એનેક્ષર-3ર મુજબ માંગણીવાળો વન વિસ્તારનો GPS રીડીંગ સાથે નકશો સામેલ થઇ આવેલ નથી. કે જેમાં યુઝર એજન્સી દ્વારા માત્ર આવતા પોઇન્ટના GPS રીડીંગ આપેલા છે પરંતુ લાઇન દર્શાવેલ નથી. જે દર્શાવી નક્શો સાદર કરવો.
8. પોર્ટલ ઉપર પાર્ટ-I માં KML File બરાબર બનાવીને અપલોડ કરેલ નથી, જે ફરીથી સુધારા કરી અપલોડ કરવી.
9. પોર્ટલ ઉપર પાર્ટ-I માં FRA-2006 અંતર્ગત કલેકટરશ્રીનું સર્ટીફીકેટ અપલોડ કરવામાં આવેલ નથી, જે અપલોડ કરવું.
10. પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીન માટેની KML File માં એક કરતાં વધુ પોઇન્ટ દર્શાવેલ છે, જેમાં જમીનના ચાર ખૂણાના ચાર GPS રીડીંગ સાથે પોલીગોન બનાવી અપલોડ કરવાના રહેશે.
11. પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીનનો ટોપોશીટ મેપ અપલોડ કરવાનો થાય છે ત્યાં ઇન્ડેક્ષ મેપ અપલોડ કરેલ છે. જેથી ટોપોશીટ મેપ અપલોડ કરવો અને તેમાં વળતર વનીકરણનો એરિયા સ્પષ્ટ દર્શાવવો.
12. પોર્ટલ ઉપર પાર્ટ-II માં નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કરવામાં આવેલ રેકોમોડેશન પાર્ટ-II Form-A એની જગ્યા પર જાતે બનાવેલ રેકોમોડેશન લેટર અપલોડ કરેલ છે, જેમાં જરૂરી સુધારા કરવા.

(અક્ષય કે. સકસેના)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વન્ય પ્રાણી વર્તુળ, જુનાગઢ.
**નકલ રવાના:-** નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર વન વિભાગ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.